રિઝર્વ બેંકે તાજેતરમાં ક્રેડિટ રિસ્ક મેનેજમેન્ટ વિષય પર ડાઇરેક્સન (નિયમનકારી માર્ગદર્શિકા) DOR.CRE.REC.199/07-02-005/2025-26, on November 28, 2025 જારી કરેલ છે. તેમાં ધિરાણ થી આપેલ રકમનો ઉપયોગ જે હેતુ માટે ધિરાણ આપેલ છે તેજ હેતુ માટે થાય તેની દેખરેખ/મોનીટરીંગ કરવાની જવાબદારી દરેક બેન્કના સીનીઅર મેનેજમેન્ટની છે તેવું જણાવ્યું છે અને 'Appropriate measures  for Ensuring end-use of funds' જે તે બેન્કની લોન પોલિસીની એક ભાગ રૂપે હોવા જોઈએ. મોટા ભાગ ની બેંકોમાં કદાચ લોન પોલિસીમાં આ બાબતનો સમાવેશ થઇ ગયો હશે, પરંતુ જે બેન્કોએ હજુ લોનના એન્ડ યુઝ ઓફ ફન્ડ માટે ના પગલાંઓનો સમાવેશ લોન પોલિસીમાં નથી કર્યો તેમના માર્ગદર્શન માટે નીચે મુજબ એક આર્ટિકલ તૈયાર કર્યો છે. બેન્ક તેમાં જરૂરી ફેરફાર કરીને લોન પોલિસીમાં સમાવેશ કરી શકે છે.

---

## ધિરાણની રકમના ઉપયોગની દેખરેખ અને ખાતરી બાબતની નીતિ

(Policy on Monitoring and Ensuring End-Use of Funds)

**1. પ્રસ્તાવના (Preamble)**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા જારી કરાયેલ નિયમનકારી માર્ગદર્શિકાઓને અનુરૂપ, બેંક એ વાતને મહત્વ આપે છે કે ધિરાણ લેનારને આપવામાં આવેલી લોનની રકમ નો ઉપયોગ માત્ર મંજૂર હેતુ માટે જ થાય. લોનની રકમનો યોગ્ય ઉપયોગ થાય તેની અસરકારક દેખરેખ દ્વારા એસેટ ગુણવત્તા જાળવી રાખવી, ક્રેડિટ જોખમ ઘટાડવું અને નાણાકીય શિસ્ત જાળવવી શક્ય બને છે.

આથી, આ નીતિ ધિરાણની રકમના યોગ્ય ઉપયોગની દેખરેખ અને ખાતરી માટે માળખું, પ્રક્રિયા અને જવાબદારીઓ નિર્ધારિત કરે છે.

**2. નીતિના ઉદ્દેશો (Objective of the Policy)**

આ નીતિના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ છે:

- ધિરાણની રકમનો ઉપયોગ માત્ર મંજૂર હેતુ માટે થાય તેની ખાતરી કરવી.
- રકમની હેરાફેરી, દુરુપયોગ અથવા સાઇફનીન્ગ ઓફ ફન્ડ અટકાવવું.
- આંતરિક નિયંત્રણ અને ક્રેડિટ જોખમ વ્યવસ્થાને મજબૂત બનાવવી.
- એસેટ ગુણવત્તા સુધારવી અને એનપીએ (NPA) નું લેવલ /સ્તર ઘટાડવું.
- ક્રેડિટ/ લોનની કામગીરીમાં પારદર્શિતા અને જવાબદારી વધારવી.

**3. નીતિનો વ્યાપ (Scope of the Policy)**

આ નીતિ નીચે મુજબની તમામ સુવિધાઓ પર લાગુ પડશે:

- તમામ પ્રોજેક્ટ લોન
- ટર્મ લોન
- વર્કિંગ કેપિટલ સુવિધાઓ
- ટૂંકા ગાળાની કોર્પોરેટ લોન
- ક્લિન લોન
- બેંક દ્વારા આપવામાં આવેલી અન્ય તમામ ક્રેડિટ સુવિધાઓ

આ નીતિ ધિરાણ લેનાર વ્યક્તિગત, ભાગીદારી પેઢી, કંપનીઓ અને સંસ્થાઓ સહિત તમામને આવરી લે છે.

**4. સામાન્ય સિદ્ધાંતો (General Principles)**

- બેંક લોનની રકમનો ઉપયોગ જે હેતુ માટે લોન આપવામાં આવી છે તે જ હેતુ માટે થયો છે તે માટે માત્ર ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ દ્વારા આપવામાં આવેલા પ્રમાણપત્રો પર આધાર રાખશે નહીં.
- સ્વતંત્ર તપાસ અને યોગ્ય ચકાસણી (Due Diligence) કરવામાં આવશે.
- મોટા ધિરાણ અને સંવેદનશીલ ક્ષેત્રો માટે વધુ કડક દેખરેખ રાખવામાં આવશે.
- દેખરેખ જોખમ આધારિત અને ધિરાણના કદ અને સ્વરૂપ અનુસાર રહેશે.
- ધિરાણની દેખરેખ ક્રેડિટ મૂલ્યાંકન અને સમીક્ષાનો અભિન્ન ભાગ રહેશે.

**5. મંજૂરી પૂર્વેના પગલાં (Pre-Sanction Measures)**

કોઈપણ ક્રેડિટ સુવિધા મંજૂર કરતાં પહેલાં બેંક નીચે મુજબની ખાતરી કરશે:

**5.1 યોગ્ય ચકાસણી (Due Diligence)**

- ધિરાણ લેનાર**ની ઈમાનદારી, ભૂતકાળની કામગીરી અને વિશ્વસનીયતાનું મૂલ્યાંકન**:
  બેંક દ્વારા ધિરાણ લેનાર**ની** ભૂતકાળની વ્યવહારિક કામગીરી, નાણાકીય શિસ્ત અને પ્રતિષ્ઠાના આધારે તેની વિશ્વસનીયતાનું મૂલ્યાંકન કરવામાં આવશે.
- **નાણાકીય નિવેદનો અને વ્યવસાય પ્રોફાઈલની ચકાસણી**:
  ધિરાણ લેનાર દ્વારા રજૂ કરાયેલ નાણાકીય નિવેદનો અને વ્યવસાય પ્રોફાઈલની સચોટતા અને વિશ્વસનીયતા તપાસીને તેની વ્યવસાયિક ક્ષમતાનો અંદાજ લગાવવામાં આવશે.

- **પ્રમોટર / ડિરેક્ટર / ભાગીદારોની પૃષ્ઠભૂમિ તપાસ**:
  બેંક દ્વારા પ્રમોટર, ડિરેક્ટર અથવા ભાગીદારોની પૃષ્ઠભૂમિ, અનુભવ અને નૈતિક વર્તન અંગે યોગ્ય તપાસ કરવામાં આવશે.

- **વર્તમાન બેંકિંગ વ્યવસ્થાની સમીક્ષા**:
  ધિરાણ લેનાર**ની** હાલની બેંકિંગ વ્યવસ્થા, લેવડ-દેવડની રીત અને અન્ય બેંકો સાથેના સંબંધોની સમીક્ષા કરીને તેના નાણાકીય વર્તનનું મૂલ્યાંકન કરવામાં આવશે.

**5.2 મૂલ્યાંકન (Appraisal)**

- **પ્રોજેક્ટની વ્યવહારિકતાનું મૂલ્યાંકન**:
  બેંક દ્વારા પ્રોજેક્ટની તકનિકી, નાણાકીય અને વ્યાવસાયિક શક્યતાઓનું મૂલ્યાંકન કરીને તેની વ્યવહારિકતા નિર્ધારિત કરવામાં આવશે.

- **નાણાંની જરૂરિયાત અને રોકડ પ્રવાહનું મૂલ્યાંકન**:
  પ્રોજેક્ટ માટે જરૂરી કુલ નાણાં અને ભવિષ્યમાં થનારા રોકડ પ્રવાહનું વિશ્લેષણ કરીને ધિરાણની યોગ્ય રકમ નક્કી કરવામાં આવશે.

- ધિરાણ લેનાર **દ્વારા મૂડી ફાળવણીની ચકાસણી**:
  બેંક દ્વારા ખાતરી કરવામાં આવશે કે ધિરાણ લેનાર**ની** પોતાની નક્કી કરેલ મૂડી સમયસર અને યોગ્ય રીતે પ્રોજેક્ટમાં રોકી છે.

- **લોન પરત કરવાની (રિપેમેન્ટ) ક્ષમતાનું મૂલ્યાંકન**:
  ધિરાણ લેનાર**ની** આવક, નફાકારકતા અને રોકડ પ્રવાહના આધારે તેની લોન પરત કરવાની ક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવશે.

**5.3 દસ્તાવેજીકરણ (Documentation)**

- **મંજૂરી પત્રમાં ધિરાણ રકમના ઉપયોગનો સ્પષ્ટ ઉલ્લેખ**:
  બેંક દ્વારા જારી કરવામાં આવતા મંજૂરી પત્રમાં ધિરાણની રકમ કયા હેતુ માટે ઉપયોગમાં લેવાની છે તેનો સ્પષ્ટ અને વિગતવાર ઉલ્લેખ કરવામાં આવશે.

- **લોન કરારમાં મોનિટરિંગ શરતોનો સમાવેશ**:
  લોન કરારમાં ધિરાણ રકમના ઉપયોગની દેખરેખ, તપાસ અને નિયંત્રણ માટે જરૂરી તમામ શરતોનો સમાવેશ કરવામાં આવશે.

- **રકમના ઉપયોગ અંગે** ધિરાણ લેનાર **પાસેથી લેખિત પ્રતિજ્ઞા**:
  બેંક દ્વારા ધિરાણ લેનાર પાસેથી લેખિત પ્રતિજ્ઞા લેવામાં આવશે કે તે ધિરાણની રકમનો ઉપયોગ માત્ર મંજૂર હેતુ માટે જ કરશે.

**6.** વિતરણ બાદની દેખરેખ પદ્ધતિ **(Post-Disbursement Monitoring Mechanism)**

**6.1** અહેવાલો દ્વારા દેખરેખ **(Monitoring Through Reports)**

- ત્રિમાસિક પ્રગતિ અહેવાલ:
  બેંક દ્વારા ધિરાણ લેનાર પાસેથી ત્રિમાસિક પ્રગતિ અહેવાલ મેળવી તેની વ્યવસાયિક પ્રગતિ અને નાણાકીય સ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવશે.
  - ઓપરેટિંગ સ્ટેટમેન્ટ:
    ધિરાણ લેનારના ઓપરેટિંગ સ્ટેટમેન્ટની તપાસ કરીને તેની આવક-જાવક અને ખર્ચની સ્થિતિનું વિશ્લેષણ કરવામાં આવશે.
- નફા-નુકસાન ખાતું:
  નફા-નુકસાન ખાતાના આધારે વ્યવસાયની નફાકારકતા અને સ્થિરતાનું મૂલ્યાંકન કરવામાં આવશે.
- બેલેન્સ શીટ:
  બેલેન્સ શીટની સમીક્ષા દ્વારા ધિરાણ લેનારની સંપત્તિ, જવાબદારીઓ અને નાણાકીય મજબૂતીની તપાસ કરવામાં આવશે.
- રોકડ પ્રવાહ **(Cash Flow)** નિવેદન:
  રોકડ પ્રવાહ નિવેદનના આધારે આવક અને ખર્ચની સતતતા તથા **Repayment** ક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવશે.
- સ્ટોક સ્ટેટમેન્ટ (જ્યાં લાગુ પડે ત્યાં):
  સ્ટોક સ્ટેટમેન્ટ દ્વારા માલસામાનની ઉપલબ્ધતા અને મૂલ્યની ચકાસણી કરવામાં આવશે.

**6.2** વ્યાવસાયિક પ્રમાણપત્ર **(Certification by Professionals)**

- ચાર્ટર્ડ અકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર:
  મોટા અને પ્રોજેક્ટ લોન ખાતાઓ માટે ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ પાસેથી લોનની રકમનો યોગ્ય ઉપયોગ થયેલ છે તે બાબતનું ઉપયોગ-પ્રમાણપત્ર મેળવી તેની ચકાસણી કરવામાં આવશે.
- પૂરક પુરાવા તરીકે ઉપયોગ:
  આ પ્રમાણપત્રોને બેંક દ્વારા માત્ર પૂરક પુરાવા તરીકે સ્વીકારવામાં આવશે અને એકમાત્ર આધાર બનાવવામાં આવશે નહીં. બેંકે લોનની રકમનો યોગ્ય ઉપયોગ થયેલ છે તે અન્ય રીતે તપાસ કરવાની રહેશે.

**6.3** ગીરવે રાખેલી મિલકતની તપાસ અહેવાલ **(Inspection report on Securities mortgaged/hypothecated)**

- સમયાંતરે રૂબરૂ તપાસ:
  ગીરવે રાખેલી મિલકતોની નિયમિત ભૌતિક/ રૂબરૂ તપાસ કરીને તેનું અસ્તિત્વ અને હાલત ચકાસવામાં આવશે.
- વીમા અને સુરક્ષા ચકાસણી:
  મિલકતો પર યોગ્ય વીમા અને સુરક્ષા વ્યવસ્થા છે કે નહીં તેની ખાતરી કરવામાં આવશે.
- તપાસ અહેવાલ:
  દરેક તપાસ પછી લેખિત અહેવાલ તૈયાર કરી રેકોર્ડમાં સંગ્રહિત કરવામાં આવશે.

**6.4 ખાતાઓની તપાસ (Scrutiny of Accounts)**

- ખાતાવહીની સમીક્ષા:
  ધિરાણ લેનારની ખાતાવહી અને નાણાકીય રેકોર્ડની સમયાંતરે સમીક્ષા કરવામાં આવશે.
- નો-લિયન ખાતાની તપાસ:
  અન્ય બેંકોમાં રાખેલા નો-લિયન ખાતાઓની તપાસ કરીને તેવા ખાતાઓમાં જમા થતા કે ત્યાંથી અન્ય બેંકમાં મોકલવામાં આવતા ફંડ પર નજર રાખવામાં આવશે.
- મોટી લેવડ-દેવડ પર દેખરેખ:
  મોટા ટ્રાન્ઝેક્શન અને અચાનક ફેરફારોની વિગતવાર તપાસ કરવામાં આવશે.

**6.5 સ્થળ મુલાકાત (Field Visits)**

- વ્યવસાય સ્થળની મુલાકાત:
  બેંક અધિકારીઓ દ્વારા ધિરાણ લેનારના વ્યવસાય સ્થળ અને પ્રોજેક્ટ સાઇટની નિયમિત મુલાકાત લેવામાં આવશે.
  - કાર્યક્ષમતા ચકાસણી:
    મુલાકાત દરમિયાન ઉત્પાદન, કામગીરી અને મિલકતના વપરાશની ખાતરી કરવામાં આવશે.
  - મુલાકાત અહેવાલ:
    દરેક મુલાકાત પછી લેખિત અહેવાલ તૈયાર કરવામાં આવશે.

**6.6 સ્ટોક ઑડિટ (Stock Audit – Working Capital માટે)**

• નિયમિત સ્ટોક ઑડિટ:
વર્કિંગ કેપિટલ ખાતાઓ માટે સમયાંતરે સ્ટોક ઑડિટ કરવામાં આવશે.

• બાહ્ય ઑડિટરની નિમણૂંક:
મોટા ખાતાઓ માટે જરૂરી જણાય તો બાહ્ય ઑડિટરની નિમણૂંક કરવામાં આવશે.

• તફાવતનું વિશ્લેષણ:
ઘોષિત અને વાસ્તવિક સ્ટોક વચ્ચેના તફાવતની તપાસ કરીને યોગ્ય પગલાં લેવામાં આવશે.

**6.7** ક્રેડિટ વિભાગની ઑડિટ **(Management Audit of Credit Function)**

- નિયમિત ઑડિટ:
  ક્રેડિટ વિભાગની આંતરિક તથા બાહ્ય ઑડિટ સમયાંતરે કરવામાં આવશે. તે દરમિયાન ક્રેડિટ એપ્રાઈઝલ, ક્રેડિટ મોનીટરીંગ, ક્રેડિટ રેટિંગ વગેરે બાબતોનો રીવ્યુ કરવામાં આવશે

- પ્રક્રિયાની સમીક્ષા:
  લોન મંજૂરી, વિતરણ, દેખરેખ અને વસૂલાત પ્રક્રિયાની વિગતવાર સમીક્ષા કરવામાં આવશે.

- ખામીઓની સુધારણા:
  ઓડિટ દરમિયાન ધ્યાનમાં આવેલી ખામીઓને દૂર કરીને ક્રેડિટ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં આવશે.

**7. ઉચ્ચ જોખમ ખાતાઓ માટે વિશેષ દેખરેખ

(Special Monitoring for High-Risk Accounts)

• વધુ વાર તપાસ:
ઉચ્ચ જોખમ ખાતાઓની વધુ વાર **નિયમિત મુલાકાત/**તપાસ કરવામાં આવશે.

• વારંવાર અહેવાલ મેળવવા:
આવા ખાતાઓ માટે નાણાકીય અને વ્યવસાયિક અહેવાલો વધુ વાર(Monthly or quarterly) મેળવવામાં આવશે.

• લેવડ-દેવડ પર વધારાની દેખરેખ:
ઉચ્ચ જોખમ ખાતાઓની તમામ મોટી લેવડ-દેવડ પર વિશેષ નજર રાખવામાં આવશે.

• આગળની ચુકવણી પર નિયંત્રણ:
જોખમ વધે ત્યારે આગળની/ વધારાની લોન રકમના વિતરણ પર અસ્થાયી અથવા કાયમી પ્રતિબંધ મૂકવામાં આવશે.

• વરિષ્ઠ મેનેજમેન્ટ દ્વારા દેખરેખ:
આવા ખાતાઓની સમીક્ષા વરિષ્ઠ મેનેજમેન્ટ દ્વારા નિયમિત રીતે કરવામાં આવશે.

**8. પ્રારંભિક ચેતવણી સંકેતો (Early Warning Signals – EWS)**

**• નાણાકીય અહેવાલોમાં વિલંબ:**
ઋણગ્રાહક દ્વારા નાણાકીય અહેવાલો રજૂ કરવામાં વિલંબ થાય તો તેને ચેતવણી સંકેત તરીકે ગણવામાં આવશે.

**• વારંવાર ઓવરડ્રોઇંગ:**
ખાતામાં વારંવાર મંજૂર મર્યાદા કરતાં વધુ રકમ ઉપાડવામાં આવે તો તેની તપાસ કરવામાં આવશે.

**• ટર્નઓવરમાં અચાનક ઘટાડો:**
વ્યવસાયના ટર્નઓવરમાં અચાનક ઘટાડો થવો જોખમનો સંકેત માનવામાં આવશે.

**• રકમની હેરાફેરી:**
લોન રકમનો અન્ય હેતુ માટે ઉપયોગ થતો જણાય તો તેને ગંભીર ચેતવણી માનવામાં આવશે.

**• બાઉન્સ થયેલા ચેક:**
વારંવાર ચેક બાઉન્સ થવા એ નાણાકીય અસથિરતાનો સંકેત ગણાશે.

**• મેનેજમેન્ટમાં ફેરફાર:**
પ્રમોટર અથવા મેનેજમેન્ટમાં અચાનક ફેરફાર થાય તો તેની વિશેષ સમીક્ષા કરવામાં આવશે.

**9. સુધારાત્મક પગલાં (Corrective Actions)**

**• આગળની ચુકવણી સ્થગિત કરવી:**
રકમના દુરુપયોગ અથવા જોખમ વધે ત્યારે આગળની/ વધારાની લોન રકમ આપવાનું બંધ કરવામાં આવશે.

**• લોન પરત માગવી:**
ગંભીર ઉલ્લંઘન થાય તો બેંક લોન પરત માંગવાનો અધિકાર રાખશે.

**• પુનઃરચના Reschedule (યોગ્ય હોય તો):**
યોગ્ય પરિસ્થિતિમાં લોનની શરતોમાં ફેરફાર કરીને પુનઃરચના (**Reschedule**)કરવામાં આવશે.

**• વધારાની સુરક્ષા લેવી:**
જોખમ ઘટાડવા માટે વધારાની મિલ્કત મોર્ગેજ કરાવવી કે ગેરંટી લેવામાં આવશે.

**• વસૂલાત કાર્યવાહી શરૂ કરવી:**
બાકી રકમની વસૂલાત માટે કાનૂની અથવા અન્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**• નિયમનકારી સંસ્થાને જાણ કરવી:**
જરૂર પડે ત્યારે RBI અથવા સંબંધિત સત્તાધિકારીઓને માહિતી આપવામાં આવશે.

## 10. ભૂમિકાઓ અને જવાબદારીઓ (Roles and Responsibilities)

### 10.1 શાખા સ્તર (Branch Level)

• દેખરેખની મુખ્ય જવાબદારી:
શાખા મેનેજર અને સંબંધિત અધિકારીઓ દ્વારા ઋણ ખાતાઓની નિયમિત દેખરેખ રાખવાની મુખ્ય જવાબદારી નિભાવવામાં આવશે.

• અહેવાલો એકત્રિત કરવી અને વિશ્લેષણ:
શાખા સ્તરે તમામ નાણાકીય અને વ્યવસાયિક અહેવાલો એકત્ર કરી તેની યોગ્ય રીતે સમીક્ષા કરવામાં આવશે.

• તપાસ અને મુલાકાત:
શાખા અધિકારીઓ દ્વારા સમયાંતરે વ્યવસાય સ્થળ અને ગીરવે મિલકતોની તપાસ કરવામાં આવશે.

---

### 10.2 ક્રેડિટ વિભાગ (Credit Department)

• મોનિટરિંગ અહેવાલોની સમીક્ષા:
ક્રેડિટ વિભાગ દ્વારા શાખાઓ પાસેથી મળતા મોનિટરિંગ અહેવાલોની વિગતવાર સમીક્ષા કરવામાં આવશે.

• જોખમ મૂલ્યાંકન:
દરેક મહત્વપૂર્ણ ખાતા માટે નિયમિત રીતે ક્રેડિટ જોખમનું મૂલ્યાંકન કરવામાં આવશે.

• નીતિ પાલન:
બેંકની નીતિઓ અને RBI માર્ગદર્શિકાઓનું પાલન થાય તેની ખાતરી કરવામાં આવશે.

---

### 10.3 આંતરિક ઑડિટ (Internal Audit)

• સ્વતંત્ર ચકાસણી:
આંતરિક ઑડિટ વિભાગ દ્વારા ક્રેડિટ ખાતાઓની સ્વતંત્ર અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવશે.

• મોનિટરિંગ સિસ્ટમની ઑડિટ:
ધિરાણ દેખરેખ પ્રણાલીની કાર્યક્ષમતા અને વિશ્વસનીયતાની તપાસ કરવામાં આવશે.

• ખામીઓ અંગે અહેવાલ:
ઓળખાયેલી ખામીઓ અંગે મેનેજમેન્ટને લેખિત અહેવાલ આપવામાં આવશે.

---

### 10.4 વરિષ્ઠ મેનેજમેન્ટ (Senior Management)

• અમલ પર દેખરેખ:
વરિષ્ઠ મેનેજમેન્ટ દ્વારા આ નીતિના અમલ પર સતત દેખરેખ રાખવામાં આવશે.

• **નીતિ** સમીક્ષા:
સમયાંતરે નીતિની અસરકારકતાની સમીક્ષા કરવામાં આવશે.

• વ્યૂહાત્મક નિર્ણયો:
ક્રેડિટ જોખમ અને સંપત્તિ ગુણવત્તા સુધારવા માટે વ્યૂહાત્મક નિર્ણયો લેવામાં આવશે.

**11.** દસ્તાવેજીકરણ અને રેકોર્ડ સંભાળ

**(Documentation and Record Keeping)**

• યોગ્ય રેકોર્ડ જાળવણી:
તમામ મોનિટરિંગ અહેવાલો, તપાસ નોંધો, પ્રમાણપત્રો અને પત્રવ્યવહાર યોગ્ય રીતે ફાઈલ અને ડિજિટલ સ્વરૂપે જાળવવામાં આવશે.

• નિયમનકારી પાલન:
રેકોર્ડ **RBI** તથા લાગુ નિયમો મુજબ નિર્ધારિત સમયગાળા સુધી સાચવવામાં આવશે.

• ડિજિટલ સ્ટોરેજનો ઉપયોગ:
દસ્તાવેજોની સુરક્ષા અને સરળ ઉપલબ્ધતા માટે ડિજિટલ સિસ્ટમનો ઉપયોગ પ્રોત્સાહિત કરવામાં આવશે.

**12.** ટેક્નોલોજી અને **MIS** સપોર્ટ

**(Technology and MIS Support)**

• **CBS** અને **MIS** નો ઉપયોગ:
બેંક દ્વારા કોર બેંકિંગ સિસ્ટમ **(CBS)** અને **MIS** સાધનોનો અસરકારક ઉપયોગ કરવામાં આવશે.

• એક્સેપ્શન રિપોર્ટ તૈયાર કરવા:
અસામાન્ય લેવડ-દેવડ અને જોખમ દર્શાવતા એક્સેપ્શન રિપોર્ટ નિયમિત રીતે તૈયાર કરવામાં આવશે.

• ટ્રાન્ઝેક્શન મોનિટરિંગ:
ગ્રાહકોના ખાતાઓમાં થતા વ્યવહારોના પેટર્ન પર સતત નજર રાખવામાં આવશે.

• ક્રેડિટ મોનિટરિંગ સોફ્ટવેર:
શક્ય હોય ત્યાં આધુનિક ક્રેડિટ મોનિટરિંગ સોફ્ટવેર **(AI-ML)** અમલમાં મૂકવામાં આવશે.

**13.** તાલીમ અને ક્ષમતા વિકાસ

**(Training and Capacity Building)**

**• નિયમિત તાલીમ કાર્યક્રમો:**

**સ્ટાફ માટે ક્રેડિટ મેનેજમેન્ટ અને મોનિટરિંગ સંબંધિત નિયમિત તાલીમ કાર્યક્રમો યોજવામાં આવશે.**

**• RBI માર્ગદર્શિકાઓ અંગે અપડેટ:**

**કર્મચારીઓને RBI ની નવી માર્ગદર્શિકાઓ અંગે સમયાંતરે માહિતગાર કરવામાં આવશે.**

**• કૌશલ્ય વિકાસ:**

**સ્ટાફના વિશ્લેષણાત્મક, જોખમ મૂલ્યાંકન અને દેખરેખ સંબંધિત કૌશલ્યો વિકસાવવામાં આવશે.**

**14. સમીક્ષા અને સુધારા**

(Review and Amendment)

- આ નીતિની દર વર્ષે સમીક્ષા કરવામાં આવશે.
- સુધારા બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવશે.
- RBI ના ફેરફારો સમયસર અમલમાં મૂકવામાં આવશે.